ગાંધીનગર સમાચાર

# વડાલી, ભિલોડા અને વદરાડમાં યોજાયેલ કૃષિ મહોત્સવનો ફિયાસ્કો

સાબરકાંઠા જિલ્લામાં શુક્રવારે વડાલી અને પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામ નજીક આવેલ એકસેલન્ટ સેન્ટર ખાતે રવિ કૃષિ મેળાનું આયોજન કરાયુ હતું. જેમાં ઊર્જા મંત્રી આવ્યા ન હોવા છતાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શિત કરાતા પોલીસે પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી. ત્યારબાદ તેમનો છુટકારો પણ કરાયો હતો. વદરાડમાં યોજાયેલ કાર્યક્રમ દરમિયાન ગ્રામજનો તથા અન્ય લોકોને પીવાનું પાણી અને ભોજન ન મળતા હોબાળો મચી જવા પામ્યો હતો. તેજ પ્રમાણે અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતે પણ યોજાયેલ કૃષિ મહોત્સવમાં કોંગ્રેસના ધારાસભ્ય તથા પદાધિકારીઓએ વિરોધ કરતા પોલીસે તેમની પણ અટકાયત કરી હતી.

પ્રાંતિજ તાલુકાના વદરાડ ખાતે શુક્રવારે યોજાયેલ કાર્યક્રમ દરમિયાન મંત્રી સૌરભભાઇ પટેલ પાટીદાર અનામત આંદોલનથી ગભરાઇ ગયા હોવાથી આવ્યા ન હતા. તો બીજી તરફ આ કાર્યક્રમમાં ભાગ લેવા આવેલી વદરાડ ગામની મહિલાઓ તથા અન્ય ગામના લોકોને પીવાનું પાણી તથા તંત્ર દ્વારા જમવાની વ્યવસ્થા કરાઇ હોવા છતાં અવ્યવસ્થા સર્જાતા તેઓ ભૂખ્યા ગયા હતા.

દરમિયાન કૃષિ મહોત્સવમાં સાંસદ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, જયેન્દ્રસિંહ રાઠોડ, દોલતસિંહ ઝાલા તથા અન્ય લોકોની ઉપસ્થિતિમાં ખેડૂતોને કૃષિલક્ષી માર્ગદર્શન આપી સાધન સહાયના ચેકોનું લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યુ હતું. બીજી તરફ કોંગ્રેસ દ્વારા કૃષિ મહોત્સવનો વિરોધ કરાતા પોલીસે ૧૦થી વધુ લોકોની અટકાયત કરી હતી.

વડાલીના માર્કેટયાર્ડ ખાતે શુક્રવારે મંત્રી રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં યોજાયેલા કૃષિ મહોત્સવ દરમિયાન ૨૨૬ લાભાર્થીઓને રૂા.૫૪ લાખના સાધન સહાયના ચેકનું વિતરણ કરાયુ હતું. જે પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન.એમ., જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઇ પટેલ, તખતસિંહ હડિયોલ તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તો બીજી તરફ સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત, પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઇ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ સુમિત્રાબેન પટેલ, અમાનુલ્લાખાન પઠાણ, રામભાઇ સોલંકી સહિત ૪૩ લોકોએ કૃષિ મહોત્સવ દરમિયાન કાળા વાવટા ફરકાવી વિરોધ કરતા પોલીસે તેમની તરત જ અટકાયત કરી લીધી હતી અને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તેમનો છુટકારો કરવામાં આવ્યો હતો.

અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતે યોજાયેલ રવિ કૃષિ મહોત્સવ દરમિયાન ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારા, અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રભાઇ પારઘી, બલભદ્રસિંહ ચંપાવત, કુંદનબેન ડામોર સહિત ૧૫થી વધુ કોંગ્રેસી કાર્યકરોએ સભા સ્થળે આવી સૂત્રોચ્ચાર કરી વિરોધ કરતા પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી અને બે કલાક બાદ તેમનો છુટકારો પણ કર્યો હતો. બીજી તરફ કૃષિ મહોત્સવ દરમિયાન ૯૪ લાભાર્થીઓને રૂા.૨૭ લાખના સાધન સહાયના ચેકોનું વિતરણ કરાયુ હતું.

## હિંમતનગરમાં લોકાર્પણના કાર્યક્રમમાં ખુરશીઓ ખાલી

ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા હિંમતનગરમાં રૂા.૨.૨૮ કરોડના ખર્ચે તૈયાર કરાયેલ બે કચેરીઓના નવિન મકાનનું લોકાર્પણનો કાર્યક્રમ શુક્રવારે યોજાયો હતો. જેમાં ગૃહ રાજય મંત્રી રજનીકાન્ત પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, નગરપાલિકાના પ્રમુખ નીલાબેન પટેલ, ઉપપ્રમુખ અનિરૂધ્ધભાઇ સોરઠીયા, કલેકટર પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન.એમ., પોલીસવડા, વીજ કંપનીના એમ.ડી. અનુપમ આનંદ તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ આમ જનતાએ નિરૂત્સાહ દાખવતા સભા સ્થળે ગોઠવાયેલ અનેક ખુરશીઓ ખાલી રહેતા મંત્રી અને વીજ કંપનીના ઉચ્ચ અધિકારીઓ વિમાસણમાં મુકાઇ ગયા હતા.



## પાલનપુર પોસ્ટ ઓફિસમાં માનવતા નેવે મુકાઈ

પાલનપુરની પોસ્ટ ઓફિસમાં ગુરૂવારે અધિકારીઓએ માનવતા નેવે મુકી હોય તેવા દ્રશ્ય જોવા મળ્યા હતા. જેમાં જુનિયર ક્લાર્ક કમ કમ્પ્યુટર ઓપરેટરનું ચલણ ભરવા આવેલા એક ઉમેદવારનો બાબો બિમાર થઈ ગયો હતો એટલે લાઈનમાં ઉભુ રહેવું અશક્ય હોવા છતાં અધિકારીઓએ વચ્ચેથી તેનું ફોર્મ ન સ્વીકારી માનવતા નેવે મુકી હતી. પાલનપુર પોસ્ટ ઓફિસમાં જીતેન્દ્ર ગૌસ્વામી પોતાના બે વર્ષના બાળક સાથે જુનિયર ક્લાર્કનું ચલણ ભરવા માટે આવ્યા હતા. આ સમયે બાળકને ઝાડા ઉલ્ટી થતા લાનઈમાં ઉભું રહેવું અશક્યુ હતું એટલે અધિકારીને વચ્ચેથી ફોર્મ સ્વીકારવા વિનંતી કરી હતી. પરંતુ જવાબદાર અધિકારીએ જણાવ્યું હતું કે તારૂં બાળક બિમાર હોય તો મારે શું ? તેમ જણાવી ઉધ્ધતાઈ ભર્યું વર્તન કર્યું હતું. આ સમયે એક જાગૃત નાગરિકે બાજુમાં બેઠેલા અધિકારીને ફોર્મ લઈ લેવા વિનંતી કરતા મસાલો ખાવામાં વ્યસ્ત આ અધિકારીએ પણ ઉધ્ધતાઈ ભર્યો જવાબ આપ્યો હતો.

## ખાણ-ખનિજ વિભાગ દ્વારા ૩૪ વાહન માલિકો પાસેથી ૫.૧૬ લાખથી વધુના દંડની વસુલાત

સાબરકાંઠા જિલ્લામાંથી છેલ્લા બે માસના સમયગાળા દરમિયાન ખાણ-ખનિજ વિભાગ દ્વારા ચલાવાયેલી ચેકીંગ ઝૂંબેશ દરમિયાન ઓવરલોડ રેતી ખનિજ ભરેલા ૩૪ વાહનોને સીઝ કરી તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરાઇ હતી. જેમાં ગુરૂવારે કલેકટર કચેરી ખાતેના ૩૬ કેસોની સુનાવણી ધરીને ૩૪ વાહન માલિકો પાસેથી ભુસ્તર વિભાગે રૂા.૫.૧૬ લાખથી વધુના દંડની વસુલાત કરી છે.

ખાણ-ખનિજ વિભાગના ભુસ્તરશાસ્ત્રી કે.એમ.પટેલે જણાવ્યુ હતું કે જિલ્લામાં બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરતા વાહનોનું ચેકીંગ હાથ ધરવા જિલ્લા કલેકટર સ્વરૂપ.પી.ની સુચના અન્વયે વિભાગ દ્વારા છેલ્લા બે માસથી ચેકીંગ ઝૂંબેશ વિવિધ સ્થળો પર હાથ ધરવામાં આવી હતી. જે ઝૂંબેશ દ્વારા બિનઅધિકૃત રીતે ઓવરલોડ રેતી ખનિજ ભરેલા ૩૪ વાહનોને સીઝ કરી વિવિધ પોલીસ સ્ટેશનોમાં મુકાવી વિભાગ દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

ખનિજ વિભાગના કુલ ૩૬ કેસોની સુનાવણી ગુરૂવારે જિલ્લા કલેકટર કચેરીએ રાખવામાં આવી હતી. જેમાં ૩૪ જેટલા ઓવરલોડ ખનિજ વહન કરતા ટ્રક માલિકો પાસેથી રૂા.૫,૧૬,૫૦૦ ના દંડની વસુલાત કરવામાં આવી હતી. જયારે બે લીઝધારકો વિરૂધ્ધ પણ વિભાગ દ્વારા કાયદેસરની તપાસ હાથ ધરી કાર્યવાહી કરવાનું સૂત્રોએ જણાવ્યુ હતું. વિભાગના સૂત્રોએ આગામી દિવસોમાં હજુ ચેકીંગ ઝૂંબેશને ગતિવાન બનાવવા જણાવ્યુ હતું. જિલ્લાના વિવિધ સ્થળો પર ઝૂંબેશ હાથ ધરી દંડનીય કાર્યવાહી કરાતા ખનિજ માફિયાઓમાં ફફડાટ ફેલાવા પામ્યો છે.

## તલોદ કૉલેજમાં આંતર યુનિવર્સિટી ક્રિકેટ સ્પર્ધાની પ્રશિક્ષણ શિબિરનું આયોજન

### મહેસાણા, પાટણ, પાલનપુર, હિંમતનગર, ડિસા, વિસનગર અને તલોદ કૉલેજમાં ૨૦ વિદ્યાર્થીઓ સામેલ, મધ્ય પ્રદેશમાં મંગળવારથી સ્પર્ધા શરુ થશે

તલોદ, તા.૧

દેશભરમાં રાજયોની યુનિ.ના વિદ્યાર્થીઓ વચ્ચે આંતર યુનિવર્સિટી ક્રિકેટ (ભાઈઓ) સ્પર્ધાનું આગામી સપ્તાહે મધ્યપ્રદેશમાં આયોજન હાથ ધરાયું છે. આ સ્પર્ધામાં પસંદગી પામેલા ગુજરાત રાજયની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.ના ૨૦ જેટલા વિદ્યાર્થીઓની પ્રશિક્ષણ શિબિર તલોદ કોલેજમાં શરુ થઈ છે. જેમાં વિદ્યાર્થીઓને શારીરિક શિક્ષણ નિયામકના માર્ગદર્શન હેઠળ પ્રશિક્ષણ અપાઈ રહ્યું છે.

આંતર યુનિવર્સિટી ક્રિકેટ (ભાઈઓ) સ્પર્ધા મધ્યપ્રદેશના સાગરમાં ડૉ. હરિસિંહ ગૌર યુનિવર્સિટી ખાતે ૫ મી જાન્યુ. થી ૨૨મી જાન્યુ. દરમિયાન યોજનાર છે. દેશભરની તમામ યુનિ.ના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લેનાર છે. ગુજ. રાજયની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજ. યુનિ.માંથી જુદા જુદા શહેરના ૨૦ જેટલા વિદ્યાર્થીઓ પણ ભાગ લેનાર છે. આ નિયામક દ્વારા ક્રિકેટ સ્પર્ધામાં વિજેતા થઈ શકાય તેવી તમામ પ્રકારની તાલીમ અપાઈ રહી છે. આ તાલીમ કેન્દ્રમાં વિદ્યાર્થીઓ તા.૨૭ ડિસે. સુધી રિપોર્ટીંગ કરી લેવાનું હતું. જે



વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ પ્રશિક્ષણ મળી રહે અને સ્પર્ધામાં તંદુરસ્ત હરિફાઈ થકી કોલેજમાં આ વિદ્યાર્થીઓ આકરી તાલીમનુંઆયોજન ગત શનિવારથી શરુ થઈ ગયું છે.

મહેસાણા, પાટણ, પાલનપુર, હિંમતનગર, ડિસા, વિસનગર અને તલોદ શહેર (કોલેજના) વિદ્યાર્થીઓને યુનિ. દ્વારા નિયુક્ત તલોદ કોલેજનાં શારીરિક શિક્ષણ નિયામક પ્રા. આર. બી. સોલંકી તાલીમ આપી રહ્યા છે. શનિવારથી સોમવાર સુધી દસ દિવસીય આ તાલીમ શિબિરમાં કાર્યવારી પુર્ણ થઈ ગયેલ છે. તલોદ કોલેજમાં શરુ થયેલી આ પ્રશિક્ષણ શિબિર અંગે કોલેજના પ્રિન્સીપાલ ડૉ. જે.સી. પટેલ તથા સ્ટાફ ગણ દ્વારા પુર્ણ સહયોગ મળી રહ્યો છે. તેમજ કૉલેજ રાષ્ટ્રકક્ષાની આ સ્પર્ધાની તાલીમ તલોદ ખાતે થઈ રહેલ હોઈ તલોદ શહેરના ક્રિકેટપ્રેમીઓ પણ ગૌરવ અનુભવી નિહાળવા કોલેજમાં ઉમટી રહ્યા છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજ. યુનિ.ના વિદ્યાર્થીઓને સૌ કોઈ શુભેચ્છા પાઠવી વિજેતા બને તેવી શુભકામના આપી.

## સંક્ષિપ્ત સમાચાર

### મેઘરજમાં આઈ.આઈ.પી-૨ તાલીમનો પ્રારંભ

ઈસરી, તા.૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંર્તગત અતિ પછાત વિસ્તારમાં નરેગા યોજના હેઠળ ચાલતા તમામ કોમોની યોજનાની માહિતી આપવાની આઈ.આઈ.પી-૨ તાલીમનો પ્રારંભ વાસણા જલાસાઈ મંદિરના કોમ્યુનિટી હોલ ખાતે આજથી કરવામાં આવ્યો છે આ તાલીમનું સંપૂર્ણ આયોજન તાલુકા વિકાસ અધિકારી મેઘરજ દ્વારા કરવામાં આવ્યું છે. આ તાલીમમાં નરેગા અંતર્ગત ચાલતી યોજનાઓ જેવી કે આઈ. એ. વાય., એન.આર. એલ. એમ., મહાત્મા ગાંધી નરેગા, એન. આર. એમ. વોટર શેડ, એસ. બી. એમ જેવી વિવિધ યોજનાઓની માહિતી ડિઝીટલ પ્રોજેક્ટર દ્વારા આપવામાં આવી રહી છે. આ તાલીમમાં જિલ્લા કક્ષાએથી સ્વચ્છ મિશન ભારત અંતર્ગત આવેલા એમ. આર. ડામોર (એસ.બી.એમ. મદદનીશ અરવલ્લી જિલ્લો) તથા તાલુક વિકાસ અધિકારી એચ.કે. પંચાલ, આ.તા.વિ. અધિકારી મૌલિકભાઈ શર્મા અને નરેગા શાખાનો તમામ સ્ટાફ હાજર રહ્યો હતો.

### લોખંડ ચોરીમાં પકડાયેલી ગેંગને પ્રાંતિજ લવાઈ

પ્રાંતિજ તાલુકાના તખતગઢની સીમમાંથી તાજેતરમાં લોખંડના ગડરો, ચેનલ અને પાઈપ મળી રૂા.૧ લાખથી વધુની મત્તા ચોરી જનાર એક ગેંગના પાંચ શખ્સો વિરૂધ્ધ ગુરૂવારે તલોદ અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં હિંમતનગર એલસીબીએ ફરિયાદ નોંધાવાઈ હતી. પ્રકાશચંદ્ર કુમાવતા, ફુલશંકર મેનાત, મુકેશ પ્રજાપતિ, નરેશભાઈ ધામણ અને રમેશચંદ્ર મીણાને હિંમતનગરની કોર્ટમાં રજુ કરાયા હતા. જયાં તેમના તા.૩૧ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી ૨૦૧૬ સુધીના રિમાન્ડ મંજુર કરાયા હતા.

### છાપરીયામાંથી બાઈક ચોરાયુ

હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં આવેલ આનંદસાગર કોમ્પલેક્ષ પાસે ગુરૂવારે કિરણકુમાર સુભાષચંદ્ર દેડીવાડીયાએ બાઈક નં.જીજે. ૦૯. સીકે. ૨૧૨૨ પાર્ક કર્યુહતું. અજાણ્યા શખ્સો રૂા.૨૫ હજારની કિંમતના બાઈકની ચોરી કરીને લઇ ગયા હતા. ત્યારબાદ બાઈકની તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા કિરણકુમાર દેડીવાડીયાએ શુક્રવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.



## ડીસા મામલતદાર રોડ પર ગરમ સ્વેટરના સ્ટોલોને આડેધડ મંજુરી

ડીસા શહેરના મામલતદાર કચેરી નજીક રોડ પર તંબુ તાણીને વેપાર કરતા વેપારીઓને કારણે અવાર-નવાર ઝઘડાઓ થતા રહે છે. અગાઉ પણ આ તંબુને લઈ સામસામી તલવારો ખેંચાઈ હતી. જેના કારણે ભયનો માહોલ છવાયો હતો. ત્યારે આ વર્ષે પણ શિયાળામાં ગરમ સ્વેટરના વેપાર માટે ગોઠવાયેલા તંબુઓ ઝઘડાનું કારણ બની રહ્યા છે. ડીસા મામલતદાર રોડ પર હનુમાનના મંદિર પાસે ગરમ કપડાના વેચાણ માટે ટેન્ટ લગાવાયા છે. અહી ગ્રાહકો પાસેથી ઉંચા દામ વસુલવામાં આવે છે. તંત્ર દ્વારા આડેધડ ટેન્ટ માટે મંજુરી આપી દેવાતી હોવાથી એકવાર મંજુરી મળી ગયા પછી વેપારીઓ દાદા થઈ જાય છે અને પોતાની મરજી ફાવે તેમ ભાવો પડાવી ગ્રાહકોનું શોષણ કરે છે. વળી જાહેર જગ્યા પરથી ઉઠવાનું નામ લેતા નથી. શહેરમાં આવા કેટલાય તંબુઓ ટ્રાફિકને અવરોધક બની રહ્યા છે. છતા તંત્ર ચુપચાપ તમાશો નિહાળી રહ્યું છે. આવા તંબુઓમાં ગેરકાયદેસર રીતે વિજળીનો ઉપયોગ પણ થઈ રહ્યો છે. આ બાબતે તંત્ર દ્વારા તપાસ હાથ ધરી જવાબદાર વેપારીઓ વિરૂધ્ધ સખ્ત પગલા ભરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

## ખંભીસર નજીક આવેલા કોલ્ડ સ્ટોરેજમાંથી લોખંડ ચોરાયું

મોડાસા, તા.૧

મોડાસા તાલુકાના હાઈવે પર આવેલા કોલ્ડ સ્ટોરેજોને તસ્કરોએ છેલ્લા કેટલાય દિવસોથી નિશાન બનાવતાં લોકોમાં અને સ્ટોરેજ માલિકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

ગત સપ્તાહ લિંભોઈ ગામ નજીક આવેલા ઉમિયા કોલ્ડ સ્ટોરેજનાં કંપાઉન્ડમાંથી ઠંડીનો લાભ લઈ તસ્કરો ૩૦ જેટલી લોખંડની ગડરો ઉઠાવી ગયા હતા. તે ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં જ ખંભીસર નજીક આવેલા પાટીદાર કોલ્ડ સ્ટોરેજના માલિક શૈલેષભાઈ મગનભાઈ પટેલે બુધવારના રોજ મોડાસા રુરલ પોલીસ સ્ટેશનમાં પોતાના કૉલ્ડ સ્ટોરેજમાંથી લોખંડ ચોરાયાની ફરીયાદ નોંધાવી હતી. જેમાં કોલ્ડ સ્ટોરેજના કંપાઉન્ડમાંથી રૂપિયા વીસ હજારની કિંમતની ૧૨ જેટલી લોખંડની ગડરોનો તસ્કરોએ હાથ ફેરો કર્યાની ફરિયાદ નોંધાવી હતી.

મોડાસા રૂરલ પોલીસે ફરિયાદના આધારે ગડર ચોરોનો પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. હાલ તો ઉપરાછાપરી બનેલી તસ્કરી ઘટનાથી ખંભીસર તેમજ લિંભોઈ પંથકમાં લોકોમાં ગડરચોર ગેંગથી ફફડાટ ફેલાયો છે.

## નવનિર્મિત જોટાણા અને ઉંઝા તાલુકામાં રવિ કૃષિ મહોત્સવ યોજાયો

મહેસાણા, તા.૧

મહેસાણા જિલ્લાના નવનિર્મિત જોટાણા તાલુકાના રવિકૃષિ મહોત્સવનો પ્રારંભ આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે કૃષિકારોને વૈજ્ઞાનિક માર્ગદર્શન આપ્યું હતું.મહોત્સવમાં મહેસુલી કાયદાઓનું વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કૃષિકારો અને પશુપાલકોએ કૃષિ મહોત્સવમાં લિટરથી વધીને ૧.૫૦ કરોડ લિટર થયું છે. કૃષિની સમૃધ્ધીના પગેલ ખેતીની જમીનની કિંમતમાં પણ વધારો થયો છે. કેન્દ્ર સરકાર ખેડુતોને ખાણ પરની સબસીડી ૭૦ હજાર



કર્યો હતો.રવિ કૃષિ મહોત્સવમાં તાલુકાના ૨૬ લાભાર્થીઓને ૪,૫૩,૯૫૦ લાખની વિવિધ સહાય સ્ટેજ પરથી આપવામાં આવી હતી.સહાય પેટે ટ્રેકટર સહાય,પ્લાઉ રોટાવેટર,તાડપત્રી ઘટક સહિત વિવિધ યોજનાઓમા અમલમાં મુકી છે. કાર્યક્રમમાં સ્થાનિક પ્રગતિશીલ ખેડુતોએ કૃષિ,બાગાયત, અને પશુપાલન ક્ષેત્રે સિધ્ધી મેળવી હોય તેમણે પોતાના મંતવ્યો રજુ કર્યા હતા. આ ઉપરાંત કૃષિ વૈજ્ઞાનિકોએ નિદર્શીત વિવિધ સ્ટોલ નિહાળી માર્ગદર્શન મેળવ્યું હતું,

કાર્યક્રમમાં ઉપસ્થિત આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા ઉજવાતા કૃષિ મહોત્સવથી રાજ્યનો ખેડુત સમૃધ્ધ બન્યો છે. કૃષિ આવક ૦૯ હજાક કરોડથી વધીને ૦૧ લાખ ૨૫ હજાર કરોડ,કૃષિ ઉત્પાદનમાં રૂની ગાંસડી ૨૫ લાખથી વધીને ૦૧ કરોડ ૨૫ લાખ તેમજ પશુપાલન ક્ષેત્રે દુધનું ઉત્પાદન ૪૦ લાખ કરોડ આપે છે. જ્યારે રાજ્ય સરકાર વીજક્ષેત્રે ૦૩ હજાર કરોડ રૂપિયાની વજળીની સબસીડી આપે છે.

સાંસદશ્રી જયશ્રીબહેન પટેલે જણાવ્યું હતું કે ખેડુતો માટે ખેતીપાકમાં ૩૩ ટકા નુંકશાન થયું હોય તો પણ વળતર આપવાનો ક્રાંતિકારી નિર્ણય કર્યો છે.રાજ્ય સરકારે આ વર્ષને કૃષિ વર્ષ જાહેર કર્યુ છે. રાજ્યમાં દર દશ ગામે પશુદવાખાના અને મોબાઈલ વાનની યોજના અમલમાં મુકી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વિરાવાડા ખાતે ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાયર એન્ડ સેફટી એન્જીનીયરીંગ કૉલેજ કાર્યરત થશે

હિંમતનગર, તા.૧

જુલાઈ ૨૦૧૫ થી શરુ થયેલ ત્રિસ્તરીય એફીલેશન ધરાવતી ગુજરાતની એક માત્ર ફાયર ઈન્સ્ટિટયૂટ હવે નવા રૂપ રંગ માં વિરાવાડા ખાતે કાર્યરત થશે,૧૧ એકરના વિશાળ ગ્રાઉન્ડ ટ્રિપ સાથે તથા ૧૩૮ જેટલા નવા ઈક્વિપમેન્ટ સાથે તથા ૪૬ જેટલા રૂમો, કોન્ફરન્સ હોલ,પ્રશિક્ષણ હોલ,ડેમોસ્ટ્રેસન હોલ,લેક્ચર રૂમો તથા હોસ્ટેલ સહીત હવેથી વિરાવાડા, નેશનલ હાઈવે નં. ૮ ખાતે કાર્યરત થશે આ ફાયર ઈન્સ્ટીટયુટમાં ૨૨ જેટલા ડીપ્લોમાં, પીજી ડીપ્લોમાં, એડવાન્સ અને સર્ટીફીકેટ પ્રકારના અભ્યાસક્રમો માટે એડમિશન પ્રક્રિયા ચાલુ છે તમામ અભ્યાસક્રમો પૂર્ણ સમયના યુજીસી માન્ય યુનીવસીટી પ્રોવાઇડર છે આ અભ્યાસક્રમો માટે વર્ષમાં બે વાર એડમિશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, ધોરણ ૧૦/૧૨, ડીપ્લોમાં, સ્નાતક, આઈટીઆઈ તથા બી.ઈ. થયેલા વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમો માં જોડાઈ શકશે.

### લિમડાની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જનારા યુવક વિરૂધ્ધ ફરિયાદ

વિજયનગર તાલુકાની સગીરાને ગામના જ યુવકે પોતાની બહેન અને માતાની મદદથી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કર્યુ હતું. જે અંગે સગીરાના પિતાએ ચિઠોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે યુવક તેની માતા અને બહેન વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લિમડા ગામના સિધ્ધરાજભાઈ પાંડોરના દિકરા લાલજીએ તેની માતા સવિતાબેન અને બહેન કિરણની મદદથી ગામની જ સગીરાનું લગ્ન કરવાના ઈરાદે ગત ૨૭ મી ડિસેમ્બરના રવિવારના રોજ અપહરણ કર્યુ હતું. જેમાં સગીરાના પરિવારજનોએ તેણીની શોધખોળ કરી હતી. જેમાં લાલજી પાંડોર તેણીને ભગાડી ગયો હોવાની જાણ થતાં ગુરૂવારે સાંજે સગીરાના પિતાએ લાલજી સિધ્ધરાજ પાંડોર, તેની બહેન કિરણ અને માતા સવિતાબેન વિરૂધ્ધ ચિઠોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ખેડબ્રહ્મા વિભાગ પોલીસ ઈન્સપેકટર ડી. આઇ. સિસોદીયાએ હાથ ધરી છે.